
## વડીલોને વંદન અભિનંદન



પ્રાગજીભાઈ એમ. લીલાણી
(૧૯૩૪) ફોન: ૨૩૨૨૪૭૦૪



બાબુભાઈ એસ. પટેલ
(૧૯૩૬) ફોન: ૨૩૨૨૭૧૫૪



બિપીનચંદ્ર રતીલાલ શાહ
(૧૯૪૪) ફોન: ૨૩૨૩૧૦૪૨



દિપેશ રામજીભાઈ તન્ના
(૧૯૫૦) ફોન: ૨૩૨૨૬૦૦૭

### ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક ૭મીએ યોજાશે

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની નવા વર્ષની કારોબારી બેઠક તા.૭મી જાન્યુઆરી ૨૦૧૩ને સોમવારે સાંજે ૪ કલાકે નમન એપાર્ટમેન્ટ, સેકટર-૨૧, ગાંધીનગર ખાતે યોજાશે. કારોબારી બેઠકમાં લોકાયુકતની નિમણુંક, ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા નાખવામાં આવેલા મિલકતવેરો, દિલ્હીમાં બળાત્કારમાં ભોગ બનેલી તરૂણીને શ્રદ્ધાંજલિ, નવા વિકસીત સેકટરો-બાજુ માધ્યમિક શાળા, રંગમંચ, લગ્નવાડી, સ્મશાન ગૃહ જેવા પડતર પ્રશ્નોની ચર્ચા વિચારણા કરવામાંઆવશે. ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદના પ્રમુખ લવજીભાઈ વાડીઆના અધ્યક્ષસ્થાને યોજાનાર બેઠકમાં સૌ પ્રબુદ્ધ નાગરિકો, કારોબારી સભ્યોને ઉપસ્થિત રહેવા મંત્રી રાજેન્દ્ર પારેખે ખાસ જણાવ્યું છે.

## શબ્દાવલી - ૪૯૪૩

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | | ૫ |
| ૬ | | | ■ | ■ | | ■ | |
| | ■ | ૭ | ૮ | | | ૯ | ■ |
| ■ | ૧૦ | ■ | | ■ | ૧૧ | | ૧૨ |
| ૧૩ | | | | ■ | ■ | ૧૪ | |
| ■ | | ■ | ■ | ૧૫ | ૧૬ | ■ | |
| ૧૭ | | | ■ | ૧૮ | | ■ | |
| ૧૯ | | ■ | ૨૦ | | ■ | ૨૧ | |

**આડી ચાવી**

૧. મેનેજમેન્ટ, સંચાલકનું કામ... કરવાનું છે (૪)
૪. મન... કરે, સોચ (૩)
૬. ચલાવનાર વ્યક્તિ (૩)
૭. ચર્ચા-વિચાર (૫)
૧૧. ચમક... વાળુ, દમકવું તે (૩)
૧૩. ઘણા કુટુંબોમાં... એક હોય અને ખાનાર ઘણા બધા (૪)
૧૪. ... બટ વન, ખ્રિસ્તી ધર્મના સાધ્વી સ્ત્રી (૨)
૧૫. સાંભળવાની ઈન્દ્રિય (૨)
૧૭. આંખ, ચક્ષુ (૩)
૧૮. ભાડુ, દર માયો (૨)
૧૯. યજમાન (૨)
૨૦. આન-બાન... થી જીવો (જુસ્સો) (૨)
૨૧. ધાબુ, મકાનનો ઉપરનો ભાગ (૨)

**ઊભી ચાવી**

૧. હલનચલન થવું,... થવો (૩)
૨. ચાલવાની ક્રિયા, ઘણાની... લટકમટક હોય છે (૨)
૩. પક્ષાઘાત, પેરાલીસીસ (૩)
૪. અંટસ, ઝઘડો (૪)
૫. છુટ્ટી (૨)
૮. તિરાડ, તડ (૩)
૯. દબાવવું તે, ... કરવું (૩)
૧૦. સ્ત્રીઓ એ ફરજીયાય કરવું પડતું વ્રત કે ઉપવાસ (૫)
૧૨. હેરાનગતિ (૫)
૧૫. લૉ, કાયદો (૩)
૧૬. પુરૂષ (૨)
૧૭. હોટલ, ઢાબો (૨)

### શબ્દાવલી ૪૯૪૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) સંસ્કાર (૩) મડુ (૪) કલદાર (૫) તિસમારખાં (૮) જાની (૧૦) માનતા (૧૧) ઉંદર (૧૨) માનવતા (૧૩) માતા (૧૪) કારોબાર (૧૭) પણછ (૧૮) વકા (૧૯) કૂંપળ (૨૦) કોબી

**ઊભી ચાવી :-** (૧) સંસ્કૃતિ (૨) વલખા (૩) મરજાદ (૪) કરતાતા (૬) સમાનતા (૭) માનવ (૯) નીર (૧૧) ઉંબરો (૧૨) મામા (૧૪) કાછડો (૧૫) બાળકો (૧૬) રકાબી (૧૭) પળ

મોદીની ચૂંટણી જીતને અમેરિકી કોંગ્રેસે બિરદાવી

# ગુજરાતના સર્વાંગી વિકાસની અમેરિકી કોંગ્રેસ દ્વારા પ્રશંસા

ગાંધીનગર, તા.૫

વર્ષ ૨૦૧૨માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર જીત મેળવ્યા બાદ મોદીની ચારેબાજુ પ્રશંસા થઈ હતી. હવે અમેરિકી કોંગ્રેસે પણ મોદીની જીતની આખરે પ્રશંસા કરી છે.

તારીખ ૦૪ જાન્યુઆરીના રોજ મળેલ ૧૧૩મી યુ.એસ. કોંગ્રેસના પ્રથમ સત્રમાં ઈલિનોઈસના ૧૮માં જિલ્લાના પ્રતિનિધિ શ્રીયુત આરોન શોકે ચૂંટણીમાં વિજય બદલ મોદીને અભિનંદન આપ્યા હતા. તેમનું વક્તવ્ય કોંગ્રેસનલ રેકોર્ડમાં પણ ઉપલબ્ધ છે. શ્રીયુત શોકે મોદીના નેતૃત્વની અને ગુજરાતના સર્વાંગી વિકાસની પ્રશંસા કરી હતી તથા મોદીને તેમના આગામી કાર્યકાળ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. શ્રીયુત શોકે જણાવ્યું હતું કે, રાજ્યના દરેકવર્ગ અને ધર્મના લોકોએ ચુંટણીમાં મોદીના નેતૃત્વ પર પસંદગી ઢોળી છે. મોદીએ સતત બે મુદત જેટલા કાર્યકાળ દરમિયાન રાજ્યના તમામ લોકો માટે આર્થિક વિકાસનું સંગીન વાતાવરણ ઉભું કર્યુ છે. તેઓ લોકોની વચ્ચે વિભાજનવાદી અભિગમ અપનાવવાને બદલે તમામ વર્ગના લોકો વચ્ચે એક્તા સાધવાને પ્રોત્સાહન આપે છે.

શ્રીયુત શોકે અમેરિકા અને ભારતમાં યોજાતી ચુંટણીઓને જનપ્રતિનિધિની વરણી કરવા ઉપરાંત સમાજ નિર્માણ માટે પણ પાયારૂપ ગણાવતા કહ્યું હતું કે, મોદી ચુંટાયેલ જનપ્રતિનિધિની જવાબદારીઓથી સુપેરે પરિચિત છે. પોતાની સત્તાનો સુંદર ઉપયોગ કરીને તેમણે સુદ્રઢ આર્થિક નીતિઓ ઘડી છે અને તેમના નેતૃત્વ હેઠળ ગુજરાતે અભુતપુર્વ આર્થિક વિકાસદર સિદ્ધ કર્યો છે. ગુજરાત વેપાર-વાણિજ્ય માટેનું પસંદગીપાત્ર રાજ્ય બન્યું હોવાની વાતને પુષ્ટિ આપતા શ્રીયુત શોકે કહ્યું હતું કે, ગુજરાતના આર્થિક વિકાસને કારણે વ્યાપક રોજગારીનું સર્જન થયું છે અને લોકોનું જીવન ધોરણ ઉચું આવ્યું છે. મોદી માત્ર પોતાના દેશવાસીઓમાં જ નહીં પરંતુ વિશ્વભરમાં ફેલાયેલા ભારતીય સમાજમાં પણ લોકપ્રિય બન્યા છે. ઉલ્લેખનીય છે કે, આજે જ્યારે ગુજરાત વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટનું આયોજન કરવા સજજ બન્યું છે. ત્યારે ગુજરાતના સર્વાંગી વિકાસને યુએસ કોંગ્રેસના પ્રતિનિધિ તરફથી પણ સ્વીકૃતિ મળી રહી છે.

કોંગ્રેસની બેઠક કંઈક રંધાઈ રહ્યુ હોવાની ચર્ચા

# પક્ષ વિરોધી કામ કરનાર સામે શિસ્તભંગના પગલાંઓ લેવાશે

## ભૂતપૂર્વ પ્રદેશ પ્રમુખ સિદ્ધાર્થ પટેલના નિવાસ સ્થાને મળેલી બેઠકમાં ચૂંટણી પરિણામ સમીક્ષા સહિત ઘણા મુદ્દે ચર્ચા

અમદાવાદ, તા.૫

કોંગ્રેસના ભૂતપૂર્વ પ્રદેશ પ્રમુખ સિદ્ધાર્થ પટેલના નિવાસ સ્થાને આજે મળેલી પક્ષના વરિષ્ઠ આગેવાનોની બેઠકમાં તાજેતરમાં સમ્પન્ન થયેલી વિધાનસભાની ચૂંટણીના પરીણામોની સમીક્ષા કરવામાં આવી હતી. આ ઉપરાંત આગામી દિવસોમાં આવી રહેલી ૭૭ નગર પાલિકા બે જિલ્લા પંચાયત, ૧૫ તાલુકા પંચાયતની ચૂંટણીની વ્યૂહરચના ઘડવાની પણ કોંગ્રેસ દ્વારા તૈયરી કરવામાં આવી હતી ત્યાં બીજી તરફ સિદ્ધાર્થ પટેલના નિવાસ સ્થાને મળેલી આ બેઠક સામે કોંગ્રેસના જ કેટલાક અસંતુષ્ટ નેતાઓ તથા કાર્યકરોએ વિરોધનો સૂત્ર વ્યક્ત કરી દાળમાં કંઈ રંધાઈ રહ્યુ હોવાની શંકા વ્યક્ત કરી છે. વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસને હજુ પરાજયની કળ વળી નથી ત્યાં ફરીથી કોંગ્રેસ જૂથવાદમાં વિભાજીત થઈ રહ્યુ હોવાના સંકેત મલી રહ્યા છે. કોંગ્રેસના કેટલાક અસંતુષ્ટ આગેવાનો આ બેઠક અંગે નાકનું ટેરવું ચડાવી એવી દલીલ કરી રહ્યા છે કે કોંગ્રેસના કોર ગ્રુપની બેઠક સિદ્ધાર્થ પટેલના નિવાસ સ્થાને મળી હતી તેમાં પક્ષના અન્ય વરિષ્ઠ આગેવાનોને બોલાવવામાંઆવ્યા ન હતા. આ બેઠકમાં માત્ર બહાનું હતુ પરંતુ પડદા પાછળ આગામી પ્રદેશ, પ્રમુખની વરણીને લઈને કેટલાક ચોખટા ગોઠવવાના ભાગ રૂપે જ આ બેઠક બોલાવવામાં આવી હતી.

અસંતુષ્ટોના બળાપાની પરવાહ કર્યા સિવાય મળેલી આ બેઠકમાં ખુદ પ્રદેશપ્રમુખ અર્જૂન મોઢવાડિયા, વરિ,ઠનેતા શંકરસિંહ વાઘેલા, શક્તિસિંહ ગોહિલ, મધુસુદન મિસ્ત્રી, પ્રવિણ રાષ્ટ્રપાલ સહિત કુલ ૧૫થી વદુ નેતાઓ હાજર રહ્યા હોવાનો પક્ષ દ્વારા દાવો કરવામાં આવી રહ્યો છે. કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા ડો. મનિષ દોશીના જણાવ્યા અનુસાર તાજેતરની વિધાનસભાની ચૂંટણીના પરિણામોની સમીક્ષા કરવા માટે મળેલી આ બેઠકમાં પક્ષના આગેનોએ પરિણામનું મલ્યાંકન કર્યુ હતુ પરિણામોની વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. ગુજરાતમાં કોંગ્રેસ પક્ષનો વિધાનસભા વિસ્તારમાં જીત મેળવેલ અને જેમાં જીત નથી મેળવી તેવા વિસ્તારમાં કોંગ્રેસ પક્ષના સંગઠનનો વાસ્તવિક પરિસ્થિતિ ક્યાસ કાઢવામાં આવ્યો હતો. શહેરી વિસ્તારમાં કોંગ્રેસ પક્ષનું સંગઠન મજબુત બનાવવા પર તમામ આગેવાનોએ આજની બેઠકમાં ભાર મુક્યો હતો અને આગામી દિવસોમાં શહેરી સંગઠન માટે કાર્યક્રમો ઘડી કાઢવામાં આવશે. ગુજરાતની વિધાનસભાની ચૂંટણીના પરિણામોનું પ્રજાએ ચૂકાદાનું કોંગ્રેસ પક્ષ સન્માન કરે છે. આગામી દિવસોમાં ગુજરાતમાં પ્રજાને સ્પર્શતા વિવિધ પ્રશ્નો અંગે કોંગ્રેસ પક્ષ રચનાત્મક કાર્યક્રમો ઘડી કાઢશે. ગુરાતના મતદાતાઓએ કોંગ્રેસ તરફી કરેલ મતદાન બદલ મતદાતાઓનો આબાર માન્યો હતો. રાજ્યમાં ૭૭ નગરપાલિકા, બે જિલ્લા પંચાયત, ૧૫ તાલુકા પંચાયતની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષ તરફથી ચૂંટણી લડવા માટેની વ્યૂહરચના પણ આગેવાનોએ ચર્ચા-વિચારણાં કરી હતી. બધા આગેવાનોએ વિવિધ સુચનો કર્યા હતા અને આગામી દિવસોમાં ફરી એક વખત પ્રજાલક્ષી લડતના કાર્યક્રમો ઘઢી કાઢવાનું નક્કી કરવામાં આવ્યું હતુ.

## આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર એસો.ના ગાંધીનગર જિલ્લાના ચેરમેન નિમાયા

ગાંધીનગર, તા. ૫

આંતર રાષ્ટ્રીય માનવ અધિકાર એસોસિએશનના રાષ્ટ્રીય પ્રમુખ ડેવીડ રાજ દ્વારા ગુજરાત રાજ્ય વિજીલન્સ સેલના પ્રમુખ અશોક રોડીયાની ભલામણથી ગાંધીનગર જિલ્લાના વિજીલન્સ સેલના ચેરમેન તરીકે રાજેશ રાવલની નિમણુંક કરી છે.

રાજેશ રાવલ સચિવાલયના નિવૃત્ત ઉપસચિવ છે અને હાલ ગાંધીનગરમાં એડવોકેટ તરીકે કાર્યરત છે. ગાંધીનગર જિલ્લાના પ્રજાજનો માનવ અધિકાર હનન, સરકાર દ્વારા અન્યાય, ભ્રષ્ટાચાર, અનુસૂચિત જાતિ, જનજાતિ પર અત્યાચાર, સરકારી રેશન દુકાનોની ફરિયાદ વગેરે માટેની ફરિયાદો ગાંધીનગર વિજીલન્સ સેલને ફોન નં. ૯૮૨૪૫૪૨૨૪૧ અને ફોન નં. ૨૩૨-૪૩૦૮૬ પર કરી શકે છે એમ જણાવ્યું છે.

### કચેરીઓ ૧૨મીએ ચાલુ રહેશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુજરાત વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ કાર્યક્રમને કારણે આગામી ૧૨મી જાન્યુઆરીને શનિવારના રોજ ગાંધીનગર સ્થિત તમામ સરકારી કચેરીઓ ચાલુ રાખવાનો આદેશ સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જારી કરવામાં આવ્યો છે.

રાજય સરકાર દ્વારા ગાંધીનગર ખાતે ૧૧મી જાન્યુઆરીથી ત્રણ દિવસ માટે વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમીટના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટની કામગીરીમાં કોઈ જ અડચણ ઉભી ન થાય અને વહીવટીય કામગીરી સરળતાથી કરી શકાય તે માટે રાજય સરકારે ૧૨મી જાન્યુઆરીને શનિવારના રોજ આવતી જાહેર રજાને રદ કરીને આ દિવસે ગાંધીનગર સ્થિત તમામ સરકારી કચેરીઓ ચાલુ રાખવાનો નિર્ણય કર્યો છે.

શનિવારે રજા રદ કરીને તેના બદલે ૧૫મી જાન્યુઆરી મંગળવારના રોજ રજા જાહેર કરવામાં આવી છે. છેલ્લા ઘણા વખતથી શનિવારની રજાઓ રદ કરવામાં આવી રહી છે. આ વખતે પણ રજા રદ કરવામાં આવી છે તેમજ બે દિવસને બદલે ત્રણ દિવસની સમીટ કરાતાં ઉત્તરાયણના પર્વની મજા બગડી હોવાની લાગણી કર્મચારીઓ અનુભવી રહ્યા છે.

**ગુજરાત ઈકોલોજી કમિશન, ગાંધીનગર**

ગુજરાત ઈકોલૉજી કમિશનની કચેરીના પ્રીંટરો માટે Built કંપનીના Built Matrix Premium notebook પ્રીંટીંગ પેપર્સ ખરીદવા માટે ગાંધીનગર સ્થિત પાર્ટીઓ પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. 75 GSM 21 CM x 29.7 CM સાઈઝના પેપર્સના ૫૦૦ શીટના એક પેકના ભાવો આપવાનાં રહેશે. આ ભાવો એક વર્ષ માટે અમલમાં રહેશે. આ ભાવો નિયામકશ્રી ગુજરાત ઈકોલૉજી કમિશન, બ્લોક નં. ૧૮, પહેલો માળ, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગરને તા. ૧૫-૧-૨૦૧૩ સુધીમાં મળી જાય તે રીતે સીલબંધ કવરમાં મોકલી આપવાના રહેશે.

### આજે મંડપ હાયર ઈલેકટ્રીકલ એન્ડ સાઉન્ડ એસોસિએશનનું સ્નેહમિલન

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લા મંડપ હાયર ઈલેક્ટ્રીકલ એન્ડ સાઉન્ડ એશોશીયેશનનું સ્નેહમિલન તા. ૬ઠ્ઠી જાન્યુઆરીએ જૂના સચિવાલય કેન્ટીન ખાતે યોજવામાં આવેલ છે. તો દરેક સભ્યે પરિવાર સહ ઉપસ્થિત રહેવા જણાવેલ છે.

### જલારામ મંદિરમાં આજે ચામડીના રોગોનું નિદાન

ગાંધીનગર, તા.૫

શ્રી જલારામ સેવા સમાજ ટ્રસ્ટના ઉપક્રમે સુરેન્દ્રનગરના તબીબ ડૉ. એ.એસ. સોની દ્વારા આવતીકાલ તા. ૬ જાન્યુઆરીને રવિવરના રોજ સવારે ૧૧ થી ૪ દરમિયાન સેકટર-૨૯ના જલારામ મંદિર ખાતે ચામડીના તમામ પ્રકારના રોગોનું આયુર્વેદિક પધ્ધતિથી નિદાન કરી રાહત દરે દવાઓનું વિતરણ કરવામાં આવશે. નગરજનોને આ સેવાનો લાભ લેવા જણાવવામાં આવ્યું છે.

### ખાબરીયા છાસઠ પ્રજાપતિ સમાજનો સમૂહલગ્ન કાર્યક્રમ ૧૭મી ફેબ્રુઆરીએ યોજાશે

ગાંધીનગર, તા. ૫

શ્રી ખાબરિયા છાસક પ્રજાપતિ સમાજના તા. ૧૭મી ફેબ્રુઆરીના રોજ અઢારનો સમૂહલગ્નોત્સવ સમાજ સંકુલની જગ્યા કુડાસણ ખાતે યોજેલ છે. જેમાં જોડાવવા ઈચ્છતા યુગલોએ પોતાના લગ્ન નોંધણી ફોર્મ ભરવાની છેલ્લી તા. ૨૦મી જાન્યુઆરી રાખેલ છે. લગ્ન ફૉર્મ ભરી જરૂરી પુરાવા સાથે સમાજના કાર્યાલય ઉપર અથવા કન્વીનર અમૃતભાઇ પ્રજાપતિને મોકલવા જણાવેલ છે.

### બ્રાહ્મણ ચેમ્બર્સ ઑફ કૉમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝની સ્થાપના

ગાંધીનગર, તા. ૫

સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના નેજા હેઠળ ગુજરાત બ્રાહ્મણ ચેમ્બર્સ ઑફ કૉમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝની સ્થાપના સમગ્ર વેપાર ઉદ્યોગ ધંધા સાથે સંકળાયેલ સર્વ બ્રાહ્મણોને એક સૂત્રમાં બાંધવા સંસ્થાની સ્થાપના કરવામાં આવેલ છે. જિલ્લામાં વેપાર ઉદ્યોગ ધંધો કરતા બ્રાહ્મણોએ સંસ્થામાં જોડાવવા રાહુલભાઇ મહેતા, ચૈતન્ય શુકલ ગેજીયા એસોશીયેશનના મેમ્બર્સ પાસેથી મેળવવા તેમ ગુજરાત બ્રહ્મ સમાજના યુવા પ્રમુખ અશ્વીનભાઇ ત્રિવેદીએ જણાવેલ છે.

### બેફામ જતી રીક્ષા પાર્ક કરેલી કાર સાથે ટકરાઈ

ગાંધીનગર, તા.૫

શહેરના સેકટર-૨૨માં સ્થિત સ્કાઈ વ્યુ કોમ્પ્લેક્ષની સામે મારૂતી સ્વીફટ કાર પાર્ક થયેલી હતી. ભાર્ગવભાઈ જોષીની આ કારને મોડી સાંજે બેફામ ગતિએ આવતી સી.એન.જી. રીક્ષાએ પાછળથી ઠોકી દીધી હતી. અકસ્માતનો અવાજ સાંભળીને કોમ્પ્લેક્ષના દુકાનદારો તથા કાર માલિક બહાર દોડી આવ્યા હતા પરંતુ રિક્ષાનો નંબર કોઈ જુએ તે પહેલા જ રીક્ષા લઈને ચાલક રફફુચક્કર થઈ ગયો હતો.



## ઠંડીનું મોજું ફરી વળતાં ગરમ કપડાંનું વેચાણ કરવા ગામડે ગામડે ઘુમતા બાઈકસવારો

ઉત્તર ભારતમાં હીમવર્ષાને કારણે જિલ્લા સહિત સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં બર્ફિલા ઠંડીનો ચમકારો લોકોને ઠુંઠવી રહ્યો છે. કોલ્ડવેવનું નિર્માણ થતાં ઠંડીને કારણે પશુ અને માનવજીવન ભારે હાલાકીમાં આવી ગયું છે. આખો દિવસ ઠંડીનો જોરદાર સપાટો જોવા મળી રહ્યો છે. લોકો દિવસે સૂર્યનો તાપ મેળવવા તડકે બેસી ગરમાવો મેળવવા પ્રયત્ન કરી રહ્યા છે. વહેલી સવારે તથા મોડી રાત્રે ગરીબ પરિવારો તાપણાના સહારે ઠંડીથી બચવા તથા ગરમ કપડામાં લપેટાઈને સમય પસાર કરી રહ્યા છે. જયારે ઠંડીના કારણે ખેતીના પાકોમાં ઘઉંને વધુ ફાયદો થાય તેવા સંકેતો મળી રહ્યા છે. જયારે શાકભાજીના પાકને નુકસાન થાય તેવી ભીતી વર્તાઈ રહી છે. હજુ તાપમાનનો પારો નીચો જાય તેવી શકયતા છે. પરિણામે ચિલોડા વિસ્તારમાં પર પ્રાંતિય લોકો ગરમ કપડાનું વેચાણ કરવા ફેરિયાઓનું આગમન થતાં ગામડે ગામડે પોતાના બાઈકો પર વહેલી સવારથી નીકળી પડે છે. ચિલોડા હાઈવે પરની દુકાનોમાં આ ફેરિયાઓ મોટા પાયે ગરમ ઢુસા, ચાદરો, શાલો વગેરેનું વેચાણ કરવા મોટી સંખ્યામાં ઘુમી રહ્યા છે. રાત્રે આ ફેરિયાઓ દુકાનોમાં આવી રાતવાસો કરે છે. અતિશય ઠંડીના કારણે ગરમ કપડાંનું ધુમ વેચાણ થતું હોવાનું જણાઈ રહ્યું છે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# સાબરમતી મેરેથોનની બધી તૈયારી પૂર્ણ : ભારે ઉત્સાહ

## ચાર પ્રકારની જુદી જુદી દોડ યોજાશે : મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે છ વાગ્યે મેરેથોનને ફ્લેગ ઓફ કરશે

અમદાવાદ, તા. ૫

સાબરમતી મેરેથોનને લઈને તમામ તૈયારીઓ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરી લેવામાં આવી છે. મેરોથોનમાં ભાગ લેવા માટે હજારો સ્પર્ધકો સંપૂર્ણ પણે તૈયાર છે. મેરેથોનને લઈને સ્પધર્કો દ્વારા પહેલાથી જ નોંધણી કરાવી દેવામાં આવી છે. સાબરમતી મેરેથોનને સફળરીતે પાર પાડવા માટે તંત્રે કમર કસી લીધી છે. જુદા જુદા રૂટ પણ પહેલાથી જ નક્કી કરી લેવામાં આવ્યા છે. મેરાથોનમાં ફુલ મેરેથોન, હાફ મેરેથોન, ડ્રીમ ટન અને ટન ફોર ફીઝીકલી ચેલેન્જનો સમાવેશ થાય છે. મ્યુનિસિપલ કમિશનર જી. મહાપાત્રાએ જણાવ્યું હતું કે છઠ્ઠીએ સવારે છ વાગ્યે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સાબરમતી મેરેથોનને ફલેગ ઓફ કરશે. ફુલ મેરેથોન માટે આજ સુધીમાં ૨૩૩, હાફ મેરેથોન માટે ૯૮૩, ડ્રીમરન માટે ૯૬૨૨ સહીત ૧૧૦૦૦થી વધારે લોકોએ રજીસ્ટ્રેશન કરાયુ છે.

ફુલ મેરેથોન આંતરરાષ્ટ્રીય કેટેગરીમાં પ્રથમ આવનાર પુરુષ તેમજ મહિલા દોડવીરને છ લાખ, રાષ્ટ્રીય કેટેગરીમાં પ્રથમ આવનાર પુરુષ અને મહિલા દોડવીરને ૧.૨૫ લાખ, હાફ મેરેથોન આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કેટેગરીમાં પ્રથમ આવનાર પુરુષ અને મહિલા દોડવીરને ૬૧૦૦૦નો પુરસ્કાર એનાયત કરવામાં આવશે. આમ કુલ ૭૦ લાખના ઈનામો એનાયત કરવામાં આવશે. આ વખતે દોડવીરોને પ્રોત્સાહન આપવામાટે ડીજે દ્વારા પરફોર્મ કરાશે અને તદઉપરાંત પાંચ જગ્યાએ બેન્ડ, સંગીત અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.




## વસ્ત્રાપુર એલજે કોલેજનાં વિદ્યાર્થીઓ હડતાળ પર

અમદાવાદ, તા.૫

અમદાવાદના વસ્ત્રાપુર સ્થિત એલજે કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશનના વિદ્યાર્થીઓ પી મુદ્દે હડાતળ ઉપર ઉતરી ગયા છે. આ કોલેજના તમામ વિદ્યાર્થીઓએ શુક્રવારે કોલેજ દ્વારા ઉઘરાવમાં આવતી ફી ગેરવ્યાજબી હોવાનો દાવો કરી ફી પાછી ખેચવા માંગ સાથે શુક્રવારથી હડતાળ ઉપર ઉતર્યા હતા. જે શનિવારે સતત બીજા દિવસે પણ યથાવત રહી હતી.

વિદ્યાર્થી સંગઠન એન એસયુઆઈના નેતા વિશ્વાનાથસિંહ દ્વારા આક્ષેપ કરાયો છે કે એલજે કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન દ્વારા પ્રથમ વર્ષ, દ્વિતીય વર્ષ અને તૃતિય વર્ષની બેચલર ડિગ્રીમાં અભ્યાસ કરતા વિદ્યાર્તીઓ પાસેથી કોલેજ ફી અને સત્ર ફી ઉપરાંત વધારાની ફીઓ ઉઘરાવાય છે. જેમાં સ્પોર્ટસ ફી, લાયબ્રેરી ફી, કેમ્પસ ફી, ડે સેલિબ્રેશન ફી વગેરના નામે પ્રત્યેક સત્રમાં વિદ્યાર્થીદીઠ રૂપિયા ૧૦૯૦ ફી ઉઘરાવવામાં આવે છે જોકે આ ફી મુજબની કોઈ સુવિધાઓ વિદ્યાર્થીઓને ઉપલબ્ધ કરાવવામાં આવતી નથી જેથી વિદ્યાર્થીઓએ એનએસયુઆઈનાં કાર્યકરોને સાથે રાખી આ ફી પાછી ખેચવા માંગ કરી હતી. જો કોલેજના ટ્રસ્ટ દ્વારા આ અંગે ધ્યાન ન અપાતા વિદ્યાર્થીઓ દ્વારા શુક્રવારથી હડતાળ ઉપર ઉતરવાનો નિર્ણય કરાયો હતો. જે શનિવારે પણ યતાવત રહેતા કોલેજ સંચાલક ટ્રસ્ટ સોમવારે વિદ્યાર્થીઓ સાથે બેઠક માટે તૈયારી બતાવી છે ત્યારે હવે એનએસયુઆઈ દ્વારા સોમવારે ટ્રસ્ટી મંડળ સાથેની બેઠકમાં રૂપિયા ૧૦૯૦ની વધારાની ફી પાછી ખેંચવા માંગ કરવામાં આવશે અને જો તેમની માંગ સંતોષવામાં નહીં આવે તો આગામી સમયમાં હડતાળ યથાવત રાખવાની અને ઉગ્ર આંદોલનની ચિમકી એન એસ યુઆઈ દ્વારા ઉચ્ચારવામાં આવી છે.

## જાહેર નિવિદા નં. ૨ સને ૨૦૧૨-૨૦૧૩

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના પેટા વિભાગ નં.૧૦, બ્લોક-બી, પ્રથમ માળ, પાટનગર યોજના ભવન, સેક્ટર નં.૧૬, ગાંધીનગર ફોન નં. ૦૭૯-૨૩૨૫૯૧૬૮ તરફથી રૂ. ૨૮,૮૬૦/- થી રૂ. ૫૮,૧૦૬/- સુધીના કામ માટે અનુભવી કોમ્પ્યુટર જોબવર્ક કરતા ઈજાદાર પાસેથી ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડર ફોર્મ આપવાની છેલ્લી તા. ૨૧-૧-૨૦૧૩ અને પરત મેળવવાની છેલ્લી તા. ૨૮-૧-૨૦૧૩ છે. આ કામોની વિગતવાર નિવિદા આ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. અનુક્રમ નં.૩ અને ૪ના ટેન્ડરો પેટા વિભાગ નં. ૧૮, ગાંધીનગર તરફથી ઉપર જણાવેલ તારીખે આપવામાં આવશે તથા સ્વીકારાશે. આ નિવિદા અંગેની વધુ વિગતો માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારશ્રીઓએ રૂબરૂમાં સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી/૧૯૫૪/૧૨-૧૩

**MOTOR ACCIDENT CLAIMS JURISDICTION, MUMBAI**
(Notice Under Section 260(1) of Maharashtra Motor Vehicle Act-1989)
**APPLICATION NO.**
2397/11, 2398/11, 2399/11

1) Samarth Rajesh Jani
2) Urvee Manoj Trivedi
3) Urvee Manoj Trivedi & Other's
... Applicant's

V/s

1) Samshadkhan Babhkhan Pathan
2) Rajesh Shah
... Opponent's.

And

1) The New India Insu. Co. Ltd.
....Insurer

To,
Samshadkhan Babukhan Pathan,
Add : New Prakash Motor Body, Near R.K. Wearhouse, Jetalpur, Yal. Duskori, Dist. Ahamadabad, (Gujarat State)

To,
Where as per the attached Application, Applicant have lodged Application against you to claim compenstion Under Section 166 & 140 A of Motor Vehicle Act-1988 regarding the mentioned accident Under Section 165 clause (1) of Motor Vehicle Act 1988. Therfore you should remain present in Court No. 6 on 14/1/2013 at 11.00 A.M. and show cause why compensation amount demanded by applicant should not to be approved.

If you will fail to remain present on above mention date then this Court will considered that you have nothing to say about the compensation and the Court will declared one sided judgment kinly note this.

This Notice issued today on 19/10/2012 with my signature and seal of the judiciary Court.

By Order
For Administrator
M.A.C. Jurisdiction, Mumbai.
9, H.S., Mumbai-400 001